રૂપિયા 6.77 લાખના હાઈબ્રિડ ગાંજા સાથે કેમિકલ ઈજનેર પકડાયો

આર્થિક તંગી કારણે વેપાર શરૂ કર્યાનું રટણ, બે મહિનાથી વેપલો શરૂ કર્યો હતો

સુરતઃ રાંદેર પોલીસે કેમિકલ એન્જિનિયરને પાલનપુર પાટીયા મશાલ સર્કલ પાસેથી રૂ.6.77 લાખની કિંમતના હાઈબ્રિડ ગાંજા સાથે પકડી પાડી ગાંજો આપનારને વોન્ટેડ જાહેર કર્યો છે. રાંદેર પોલીસે પાલનપુર પાટિયા મશાલ સર્કલ પાસેમોપેડ પર સવાર થઈને ચારવાક જનક ભટ્ટ (રહે., તિરૂમાલા એપાર્ટમેન્ટ, મણિયાર શેરી, મહિધરપુરા)ને અટકાવી તપાસ કરતાં તેની પાસેથી રૂ.6.77 લાખની કિંમતનો 225.87 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ ગાંજો નિહાલ નામના ઈસમ પાસેથી લાવ્યો હતો અને છૂટક વેચતો હતો. પોલીસે ચારવાક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. જ્યારે નિહાલને વોન્ટેડ જાહેર કર્યો છે.

પિતાના મોત બાદ ઘરની જવાબદારી હોવાથી ગાંજો વેચવા લાગ્યો

ચારવાક ભટ્ટ માતા સાથે રહે છે. ત્રણ વર્ષ પહેલાં પિતાનું મૃત્યુ થયું હતું. તે ડિપ્લોમા કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે અને હાલ એલએન્ડટી કંપનીમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરે છે. જોકે, આર્થિક તંગી હોઈ અને પરિવારની સમગ્ર જવાબદારી હોવાથી તે આ ધંધામાં આવ્યો હતો અને બે મહિનાથી જથ્થાબંધ ગાંજો લાવીને છુટકમાં વેચતો હતો.

સતત ચોથા દિવસે મજૂરી દરમાં વધારા મામલે ભેસ્તાન- પાંડેસરાની

10 વિવિંગ સોસાયટીનાં 2000 પાવરલૂમ્સ એકમો બંધ રહ્યાં

મજૂરીના દરમાં મીટરે 10 પૈસાનો વધારો કાપડ માર્કેટની સ્થિતિ સુધરે પછી કરવા વિવર્સ તૈયાર

સુરતઃ શહેરના ઉધના ઝોનમાં પાંડેસરા- ભેસ્તાન રોડની મોટાભાગની વિવિંગ સોસાયટીઓમાં પાવરલૂમ કારીગરો રવિવારથી હડતાળ પર ઉતર્યા છે. કારીગરો મીટર કાપડ પર 10 પૈસાનો મજૂરી દર વધારો માંગી હડતાળ પર ઉતર્યા છે. આજે સતત ચોથા દિવસે 2000 જેટલા પાવરલૂમ કારખાનાઓ બંધ રહ્યા હતા.

આજે આ વિસ્તારની વિવર્સ સોસાયટીઓએ કારીગર આગેવાનોને બોલાવી સમજણ આપી હતી કે, કાપડ બજારની હાલત ખરાબ છે. કાપડ મિલો અઠવાડિયે બે ત્રણ દિવસ ઉત્પાદન બંધ રાખે છે. ગ્રે કાપડની ડિમાન્ડ નથી. આવી સ્થિતિમાં ખોટ ખાઈને કારખાના ચલાવવા શક્ય નથી. મજૂરીના દરમાં વધારો કરવા વિવર્સ તૈયાર છે પણ બજારની સ્થિતિ સુધરે, ડિમાન્ડ નીકળે ત્યારે એ થઈ શકે. જો કારીગર નહીં માને તો બીજી સ્થિતિમાં 15 જાન્યુઆરી સુધી કારખાના બંધ કરવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. એ વાર્તાલાપ પછી શક્યતા એવી છે કે, 80% આવતીકાલથી કામે ચઢી શકે છે. પાંડેસરા-ભેસ્તાન રોડની વિવિંગ સોસાયટીઓના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, રવિવાર સવારથી આ વિસ્તારના 2000 પાવરલૂમ કારખાનાઓ બંધ પડ્યા છે. છેલ્લા ચાર દિવસથી પ્રોડક્શન ઠપ છે. પાંડેસરા-ભેસ્તાન રોડની પ્રમુખ પાર્ક, શ્રીરામ ઈન્ડસ્ટ્રીયલ, ભગવતી ઈન્ડસ્ટ્રીયલ, જલારામ, ન્યૂ જલારામ, ચામુંડા, હરિઈચ્છા, યુનિટી, ભગવતી 2 અને સોનલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના કારખાનાઓ બંધ પડ્યા છે.

માનસી બ્રાન્ડના કોસ્મેટિક્સની નકલ કરનાર પુણાથી પકડાયો

400ની ક્રીમ ઓનલાઇન 170માં વેચતા હતા

3 લાખની કિંમતની કોસ્મેટિક નાઇટ ક્રીમની 800 ડબ્બી પકડાઇ

સુરત: માન્સી લાઇફસ્ટાઇલ પ્રા.લિ. કંપનીના ઓફિસરને તેમની કંપનીનો કોસ્મેટિક પ્રોડક્ટ ઓનલાઈન અડધી કિંમતે પુણા વિસ્તારમાંથી વેચાણ થઈ રહી હોવાની માહિતી મળી હતી. જેથી કંપનીના ઓફિસર અને પુણા પોલીસની ટીમે પુણા કેનાલ રોડ સ્થિત સાશ્વત પ્લાઝામાં આવેલી દુકાનમાં દરોડો પાડી ડુપ્લિકેટ કોસ્મેટીક નાઈટ ક્રીમ સાથે એકને પકડી પાડ્યો હતો.

બનાવની પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ મુંબઇ ઘાટકોપરમાં આવેલી માન્સી લાઇફસ્ટાઇલ પ્રા.લિ. કંપની દ્વારા બ્યુટી કોસ્મેટીક પ્રોડક્ટનું ઉત્પાદન કરીને વેચાણ કરવામાં આવે છે. આ કંપનીના લીગલ એડવાઇઝર નાગેશ્વર કુમ્હારને બાતમી મળી હતી કે, પુણાગામ પોલારીસ મોલની પાછળ આવેલા શાશ્વક પ્લાઝામાં આવેલી એક ઓફિસમાં તેમની કંપનીના કોજીક એસિડ નાઇટ ક્રીમનું ડુપ્લિકેશન કરીને ઓનલાઇન અડધી કિંમતે વેચવામાં આવી રહી છે. જેથી તેમણે પુણા પોલીસનો સંપર્ક કરતાં પોલીસે પોલીસે બાતમીવાળી જગ્યા પર દરોડા પાડ્યા હતા. ત્યાં તપાસ કરતાં ઓફિસમાંથી રૂ.3,19,599ની કિંમતની 801 ડબ્બી મળી આવી હતી. પોલીસે આ ક્રીમનો જથ્થો તથા રેપરનો સામાન કબજે લઇને ડુપ્લિકેટ ક્રીમ બનાવતા 21 વર્ષના અર્શિત લાલજી દેસાઇ (રહે., ભાગવત ગ્રીન સોસાયટી, મિશન રોડ, વાવ, કામરેજ)ને પકડી પાડ્યો હતો.

પોલીસે તેની સામે કોપીરાઇટ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અર્શિતકે કબૂલ્યું હતું કે, તે સસ્તી ક્રીમ લાવતો હતો અને તેમાંથી ડુપ્લિકેટ ક્રીમ બનાવતો હતો અને બજારમાં મળતી રૂ.400ની ડબ્બી ઓનલાઇન રૂ.170માં વેચતો હતો. છેલ્લા બે મહિનાથી ધંધો કરતો હતો.

મિલેનિયમ માર્કેટના ઠગ પિતા-પુત્રનું 80 લાખનું ઉઠમણું

સચિન GIDCના વેપારીઓ પાસેથી ગ્રે-સાડીનો માલ ઉધારમાં ખરીદી દુકાન બંધ કરી ગાયબ

સુરતઃ સચિન જીઆઈડીસીના કાપડ વેપારીઓ પાસેથી ગ્રે-સાડીનો માલ ઉધાર લઈ રૂપિયા ચૂકવ્યા વગર મિલેનિયમ માર્કેટની દુકાન બંધ કરી પલાયન થઈ ગયેલા પિતા-પુત્ર અને એક કાપડ દલાલ સામે પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે.

વેસુ કેનાલ રોડ પર આવેલા સ્વપ્રિલ પેલેસમાં રહેતા પાર્થ ભુરાભાઈ મોવલીયા સચિન જીઆઈડીસીમાં 'શ્યામ ટેક્સ' નામે કાપડની પેઢી ચલાવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન કાપડ દલાલ મનોજ શર્માના માધ્યમથી તેમનો સંપર્ક મિલેનિયમ-૪, ભાઠેના માર્કેટમાં દુકાન ધરાવતા સુભાષ ઉદયભાઈ જૈન અને તેમના પુત્ર દિપક સુભાષ જૈન સાથે થયો હતો. ફરિયાદ મુજબ, દલાલ મનોજ શર્માએ પાર્થભાઈને ખાતરી આપી હતી કે અલગ-અલગ વેપારીઓ પાસેથી લેવાતો ગ્રે-સાડીનો માલ ૩૦ દિવસની ઉધારીમાં અપાવશો તો સમયસર પેમેન્ટ મળી રહેશે. આ વિશ્વાસના આધારે તા. ૧૩/૦૨/૨૦૨૫થી ૨૪/૦૪/૨૦૨૫ દરમિયાન પાર્થભાઈ પાસેથી રૂ. ૪૭.૯૫ લાખથી વધુનો માલ ઉધાર લીધો હતો. જેમાંથી માત્ર રૂ. ૨.૯૮ લાખ ચૂકવી બાકી રૂ. ૪૪.૬૭ લાખ બાકી રાખ્યા હતા. આ ઉપરાંત મોવલીયા બ્રધર્સ નામની ભાગીદારી પેઢીના બકુલભાઈ અને કિશોરભાઈ મોવલીયાથી રૂ.૧૮.૨૨ લાખનો અને રામદેવ ટેક્સટાઈલના માલિક મહેશભાઈ રણછોડભાઈ પટેલ પાસેથી રૂ. ૧૭.૫૩ લાખનો માલ ખરીદ્યો હતો. તમામ વેપારીઓને પેમેન્ટ આપવાના વચનો આપ્યા બાદ આરોપીઓએ એકપણ રૂપિયો ચૂકવ્યો ન હતો. થોડા દિવસ બાદ મિલેનિયમ માર્કેટની દુકાન બંધ મળી આવતાં વેપારીઓને ઉઠમણાની શંકા ગઈ હતી. તપાસ કરતાં પિતા-પુત્ર ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. અંતે પાર્થભાઈ મોવલીયા સહિત ત્રણેય વેપારીએ સચિન જીઆઈડીસી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કાપડ દલાલ મનોજ શર્મા તથા ઠગબાજ પિતા-પુત્ર સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

કે.પી. ગ્રુપ દ્વારા બોત્સવાનામાં 36,000 કરોડનું રોકાણ કરાશે

બોત્સવાનામાં 5 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ સ્થાપવા કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂક પટેલનો બોત્સવાના સરકારના મંત્રીઓ સાથે કરાર

સુરતઃ હુરુન રિપોર્ટ 2025માં સુરતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ જાહેર થયેલા ફારુક જી.પટેલની કંપની કે.પી. ગ્રુપ લાંબા ગાળાની યોજના હેઠળ બોત્સવાનામાં 36,000 કરોડનું રોકાણ કરશે.

કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂક પટેલે રિપબ્લિક ઓફ બોત્સવાના સરકારના બે મંત્રીઓ વચ્ચે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે એતિઆ સહયોગના ભાગરૂપે કે.પી. ગ્રુપ બોત્સવાનાના 30 વિદ્યાર્થીને રિન્યુએબલ એનર્જી વિસ્તરણમાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ ભાગીદારીથી લાંબા ગાળાનું આર્થિક અને પર્યાવરણીય મૂલ્ય સર્જાશે. બોત્સવાનાના ઊર્જા મંત્રીએ પણ આ ભાગીદારીને દેશની ઊર્જા સુરક્ષા માટે પાયાનો પથ્થર ગણાવી હતી. ભારતમાં પહેલેથી જ 6 ગીગાવોટનો મજબૂત પોર્ટફોલિયો ધરાવતું કે.પી. ગ્રુપ હવે વૈશ્વિક સ્તરે ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ તેના વૈશ્વિક વિસ્તરણની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

SOG બાદ હવે લાલગેટ પોલીસે હુક્કાનો જથ્થો પકડી પાડ્યો

ભાગાતળાવ અને નાણાવટની દુકાનમાંથી હુક્કા, ગોગો પેપર અને પ્રતિબંધિત સિગારેટ જપ્ત

પાનના ગલ્લા અને સ્ટોરમાંથી પોલીસે ૨૫ હજારની મતા કબજે લીધી

સુરતઃ SOGની કાર્યવાહી બાદ લાલગેટ પોલીસે બાતમીના આધારે ભાગાતળાવ અને નાણાવટની બે દુકાનમાં દરોડા પાડી નાના મોટા હુક્કા, ગોગો પેપર અને પ્રતિબંધિત સિગારેટ મળી ૨૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે બંને દુકાનના સંચાલક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડ કરી છે.

લાલગેટ પોલીસે નાણાવટ વિસ્તારમાં આવેલી બનારસી પાનની દુકાન પર દરોડો પાડી ગોગો સ્મોકિંગ કોન, રોલિંગ પેપર તથા ચેતવણી વગરના વિવિધ કંપનીનાં સિગારેટ સાથે દુકાનદાર મોહમ્મદ ઉસ્માન મોહમ્મદ ખાલિદખાન (રહે.,નફીસા એપાર્ટમેન્ટ, નાણાવટ, લાલગેટ)ની અટકાયત કરવામાં આવી છે. માલ સપ્લાય કરનાર સુભાષભાઈ ભોલે (રહે.,પાલનપુર પાટિયા)ને વોન્ટેડ જાહેર કરાયા છે.

બીજી કાર્યવાહીમાં ભાગા તળાવ માચીસવાલા માર્કેટ ખાતેની ઝકરીયા સ્ટોર્સ નામની દુકાન પર રેઇડ કરી ૨૨ હુક્કા તેમજ ૨ હુક્કાની રબર પાઇપ કબ્જે કરી દુકાન સંચાલક ઝકરીયા ફારુકભાઈ માચીસવાલા (રહે.,માચીસવાલા એપાર્ટમેન્ટ, ભાગા તળાવ, લાલગેટ) વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

સરથાણામાં 5 કરોડના ખર્ચે શાક માર્કેટ બનશે

સુરતઃ શહેરમાં રસ્તા પર જ પાથરણાં પાથરીને શાકભાજીઓનું વેચાણ થતું હોવાથી ટ્રાફિકની સમસ્યા થાય છે. સમસ્યા ઉકેલવા સરથાણામાં 5 કરોડના ખર્ચે શાકભાજી માર્કેટ બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. વેજિટેબલ માર્કેટ બનાવવા માટેના અંદાજ જાહેર બાંધકામ સમિતિ સમક્ષ મૂકવામાં આવી છે, જેના પર શાસકો દ્વારા નિર્ણય લેવામાં આવશે.શાકભાજી સહિતના વિક્રેતાઓ માટે વ્યવસ્થાના ભાગરૂપે સરથાણા ઝોનમાં પ્રિ. ટી.પી. સ્કીમ નં.21 (સરથાણા-સીમાડા) ફાઇનલ પ્લોટ નં.146 (સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ખાતે વેજિટેબલ માર્કેટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રૂ.5.43 કરોડના ખર્ચે તૈયાર થનારા વેજિટેબલ માર્કેટ માટેના અંદાજ જાહેર બાંધકામ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા છે.

રોડ પર રમતા દોઢ વર્ષના બાળક પર ટ્રેક્ટર ચડી ગયું

અલથાણમાં કન્સ્ટ્રક્શન સાઇટ પાસે બનેલી ઘટના, બાળકનું મોત

પરિવારમાં રોષ, મૃતદેહ સ્વીકારવા ઇનકાર

નાની વયે દીકરાના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઘટનાને પગલે પરિવારજનોએ વળતર મુદ્દે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો અને યોગ્ય વળતર ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ઘટનાની જાણ થતાં અલથાણ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે બંને પક્ષ વચ્ચે મધ્યસ્થી કરીને પરિવારની વળતરની માંગ સંતોષતાં મામલો થાળે પડ્યો હતો, ત્યારબાદ પરિવારજનોએ મૃતદેહ સ્વીકાર્યો હતો.

સુરતઃ સુરતના અલથાણ વિસ્તારમાં કન્સ્ટ્રક્શન સાઇટ પાસે ટ્રેક્ટર ચાલકની બેદરકારીને કારણે એક નિર્દોષ દોઢ વર્ષના બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. નવી બંધાતી વ્રજભૂમિ આઇકોન બિલ્ડિંગની પાછળ આવેલા રોડ પર રમતા બાળક પર મોબાઇલ પર વાતચીત કરતા ટ્રેક્ટર ચાલકે આગળનું પૈડું ચડાવી દેતાં સમગ્ર વિસ્તારમાં શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ હતી.

મૂળ દાહોદના વતની મુકેશભાઈ કનેશ હાલ અલથાણ ખાતે વ્રજભૂમિ આઇકોનની લેબર કોલોનીમાં પત્ની, બે પુત્ર અને એક પુત્રી સાથે રહે છે. મુકેશભાઈ અને તેમની પત્ની બંને કન્સ્ટ્રક્શન સાઇટ પર મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દૈનિક રોજિંદી મહેનત દરમિયાન બાળકોની દેખરેખ રાખવાની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે ગુરુવારે સવારે આશરે ૮:૩૦ વાગ્યાના અરસામાં તેમનો સૌથી નાનો દોઢ વર્ષનો પુત્ર નીતિન સાઇટની પાછળના રોડ પર રમી રહ્યો હતો. આ દરમિયાન સાઇટ નજીકથી પસાર થતો એક ટ્રેક્ટર ચાલક મોબાઈલ ફોન પર વાતચીતમાં વ્યસ્ત હોવાને કારણે આસપાસનું ધ્યાન રાખી શક્યો નહોતો. પરિણામે ટ્રેક્ટરના આગળના ભાગનું પૈડું સીધું જ બાળક નીતિન પર ફરી વળ્યું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાએ કન્સ્ટ્રક્શન સાઇટ પર ગંભીર બેદરકારીઓ સામે આવી હતી.

યોગી ચોકમાં 'નો પાર્કિંગ'માં ગાડી ઉઠાવતાં જ હોબાળો

'હું અધિકારી હોઉં તો સુરતમાં એકપણ લુખ્ખો ન રહે'

યુવક-યુવતી પોલીસ સાથે બાખડ્યા, મહિલા પોલીસ કર્મીને ધક્કો માર્યો

સુરતઃ યોગીચોક વિસ્તારમાં યોગીનગર નજીક આવેલા તિરુપતિ શાર્ક માર્કેટ પાસે ટ્રાફિક પોલીસ 'નો પાર્કિંગ'માં મૂકાયેલા વાહનો ટોઇંગ કરવાની કામગીરી કરી રહી હતી. આ દરમિયાન એક કાર ટોઇંગ કરવામાં આવી રહી હતી, જેને લઈ ત્યાં હાજર યુવક અને યુવતી પોલીસ સાથે ઉગ્ર વાદવિવાદમાં ઉતર્યા હતા. યુવતીએ ટ્રાફિક પોલીસની ટોઇંગ વેન સામે ઊભી રહી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જાહેર રસ્તા પર હોબાળો મચી જતાં ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ હતી. સ્થિતિ ગંભીર બનતા સરથાણા પોલીસ સ્ટેશનને જાણ કરતાં મહિલા પોલીસકર્મીઓ સહિત પીઆઇ અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટરની હાજરીમાં જ યુવકે મહિલા પોલીસકર્મી સાથે દુર્વ્યવહાર કરી તેને ધક્કો માર્યાનો આરોપ છે. એટલું જ નહીં, યુવકે સિસ્ટમ પ્રત્યે રોષ ઠાલવતાં ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું હતું કે, "હું અધિકારી હોઉં તો સુરતમાં એકપણ લુખ્ખો ન રહે. હું દેશ માટે પગાર પણ ન લઉં, મને આ સડી ગયેલી સિસ્ટમમાં નથી આવવું." યુવકના આ શબ્દોએ ઘટનાને વધુ સંવેદનશીલ બનાવી દીધી હતી. પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી જોઈ સરથાણા પોલીસે બંનેને અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. કાયદેસરની કાર્યવાહી શરૂ થતાં જ યુવક અને યુવતીના તેવર નરમ પડ્યા હતા. બંનેએ પોતાની ભૂલ સ્વીકારી પોલીસની ફરજમાં અવરોધ ન કરવા માટે લેખિત માફીનામું આપ્યું હતું. સાથે જ ભવિષ્યમાં ટ્રાફિક નિયમોનું પાલન કરવાની બાહેંધરી પણ આપી હતી. પોલીસ સ્ટેશનમાં માફી માગ્યા બાદ બંનેએ જાહેર જનતાને અપીલ કરી હતી કે, કોઈ પણ સંજોગોમાં કાયદો હાથમાં ન લેવો જોઈએ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી. ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓની ખેલકૂદમાં સિદ્ધિ

સુરતઃ રમતગમત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરતાં, જી.ડી. ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતના વિદ્યાર્થીઓએ SJIS ઓપન રોલર-સ્કેટિંગ ચેમ્પિયનશિપ (અંડર-6 અને અંડર-11, છોકરા અને છોકરીઓ)માં ભાગ લીધો હતો અને વિવિધ રેસમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી પોતાની શક્તિ, ઝડપ અને સંકલ્પનું શાનદાર પ્રદર્શન કર્યું. એક અન્ય પ્રતિભાશાળી ગોયંકન ખેલાડીએ ખેલ મહાકુંભ એથ્લેટિક્સ ઝોન લેવલ સ્પર્ધા (U-9 અને U-11, છોકરા અને છોકરીઓ)માં ઉત્તમ પ્રદર્શન કરીને 30 મીટર દોડમાં પ્રથમ સ્થાન અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં પ્રથમ સ્થાન મેળવી જિલ્લાસ્તર માટે ક્વોલિફાય કર્યું. સ્કેટિંગ કોચ ચેતન શર્મા, ટ્રેક એન્ડ ફીલ્ડ કોચ મૈનેશ દુગ્રાણી, સ્પોર્ટ્સ ડિરેક્ટર આશિષ સિંહ અને ઇન-ચાર્જ પ્રિન્સિપાલ હેતલ તમાકુવાલાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ આ સિદ્ધી મેળવી હતી.

સુરતના વિવાન શાહે રાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં કાંસ્ય પદક જિત્યું

સુરતઃ સુરતના વિવાન શાહે બિહારમાં યોજાયેલી પ્રતિષ્ઠિત યોનેક્સ સનરાઇઝ 3૭મી સબ જુનિયર રાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં અન્ડર-૧૩ બોયઝ સિંગલ્સ વર્ગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ત્રીજું સ્થાન મેળવી કાંસ્ય પદક જીત્યું છે. તેમની આ સિદ્ધિથી સુરત તેમજ ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન થયું છે. વિવાન સુરત સ્થિત મનીત પાહુજા બેડમિન્ટન અકાદમીનો વિદ્યાર્થી છે. આ અગાઉ પણ વિવાને મુંબઈમાં યોજાયેલી એક ઓલ ઇન્ડિયા રેન્કિંગ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૩ બોયઝ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો. ઉપરાંત બેંગલુરુમાં યોજાયેલી ઓલ ઇન્ડિયા રેન્કિંગ બોયઝ ડબલ્સ સ્પર્ધામાં વિજેતા રહ્યા હતા, જ્યારે ગોવામાં યોજાયેલી ઓલ ઇન્ડિયા રેન્કિંગ બોયઝ ડબલ્સ ટૂર્નામેન્ટમાં ઉપવિજેતા રહ્યા હતા.

ડો. રામસિંહ રાજપૂતના પુસ્તકનું રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે વિમોચન

સુરતઃ પાટણ જિલ્લાના સમી ખાતે અક્ષય વાડીમાં યોજાયેલા ભવ્ય કાર્યક્રમ દરમિયાન સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલસચિવ ડો. રામસિંહ રાજપૂતના પુસ્તક *"ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩ : યુનિવર્સિટીઓમાં પરિવર્તનનો રાજ્ય સરકારનો સફળ પ્રયાસ"*નું રાજ્યકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નોર્થ અમેરિકા રાજપૂત સમાજ એસોસિએશનના પ્રમુખ નરેશભાઈ ચાવડા (કેનેડા), ધારાસભ્ય લવિંગજી ઠાકોર, પાટણ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન હેતલબેન જે. ડાભી સહિત ભાજપના પદાધિકારીઓ અને અંદાજે ૫,૦૦૦ જેટલા નાડોદા રાજપૂત સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તક મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાને અર્પણ કરવામાં આવ્યું છે. યુનિવર્સિટી વહીવટ વિષયક ડો. રામસિંહ રાજપૂતનું આ પાંચમું પુસ્તક છે.

ગૌપ્રેમી ખેડૂતોના હામી સ્વ. લાલજી સાવલીયા માટે આજે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

સુરતઃ ગૌસેવા - ગૌપ્રેમી તેમજ ખેડૂતોના હામી સ્વ. લાલજીભાઈ કડવાભાઈ સાવલીયા (બાઠડાવાળા)ના ગૌલોકવાસી નિમિત્તે તા.19મીના રોજ વરાછા, કિરણચોક, દેવફાર્મ ખાતે સાંજે 5થી 11 કલાક દરમિયાન શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાશે. સાથે સાથે આજ સ્થળે સાંજે 5 કલાકે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં અગ્રણી કાનજીભાઈ ભાલાલા. બંસીગીર ગૌશાળાના સંચાલક ગોપાલભાઈ સુતરીયા તથા ગીર ગૌજતન સંસ્થા ગોંડલના ત્રણેય રમેશભાઈ રૂપારેલીયા, લોક સાહિત્યકાર મનસુખભાઈ ખીલોરી તેમજ સુખદેવભાઈ ધામેલીયા હાજર રહેશે.

એસસી વિદ્યાર્થીઓની મેડિકલ પ્રવેશ આવક મર્યાદા મુદ્દે રાષ્ટ્રીય આયોગ સમક્ષ રજૂઆત

સુરતઃ નવી દિલ્હી ખાતે ખાન માર્કેટ સ્થિત લોકનાયક ભવનમાં ઓલ ઇન્ડિયા અનુસૂચિત જાતિ (એસસી) આયોગના ચેરમેન કિશોરભાઈ મકવાણાની સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. આ દરમિયાન એસસી સમાજના વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે આવક મર્યાદાના કારણે થતા અન્યાય બાબતે સમાજના આગેવાનો દ્વારા તીવ્ર રજૂઆત કરવામાં આવી હતી. સુરત ચોર્યાસી બારપરા માહ્યાવંશી સમાજ તેમજ દક્ષિણ ગુજરાત દલિત સમાજ દ્વારા ગુજરાત સરકારને આ મુદ્દે યોગ્ય ન્યાય આપવાની માંગ કરવામાં આવી છે. સાથે જ જો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આંદોલન કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

ઉધના ભીડભંજન મહાદેવ મંદિરમાં શનિવારે ઘીનાં કમળના દર્શન થશે

સુરતઃ ઉધનાગામ શ્રી ભીડભંજન મહાદેવ મંદિરમાં તા. 20મી ડિસેમ્બર 2025, શનિવાર, માગસર વદ શનિવારી અમાસના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારથી જ અમાસના બંગલાના દર્શન કરાવવામાં આવશે તેમજ સાંજે 6 કલાકે કરવામાં આવ્યું છે. ભક્તોને કાર્યક્રમોનો લાભ લેવા મંદિરના મહંત જયેશભાઈ એચ. ભટ્ટે જણાવ્યું છે.

અમંગલોને નાશ કરે તેને મંગલ કહેવાય: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ વેસુ સ્થિત મહા.વિદેહધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. આ પુનિત પ્રસંગે અંકલેશ્વરના માતુ વિદુલાબેન પ્રદિપકુમાર ચોકસી પરિવાર દ્વારા અક્ષતનાં વધામણાં સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજ્ય "ગુરુમાં" યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજે વર્ષો પૂર્વે અંકલેશ્વર સ્થિત વિદુલાબેનને તપોવન સંસ્કારધામ નવસારીમાં જૈન શાસનનું શ્રેષ્ઠ અને અકસીર એવું 'ઉવસગ્ગહર'સ્તોત્રનું દાન કર્યું હતું. આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, અમંગલોને નાશ કરે તેને મંગલ કહેવાય. પ્રભુ મહાવીર, ગૌતમ સ્વામીજી, સ્થૂલભદ્ર વગેરે શુદ્ધિ સમ્રાટો અને આ ત્રણેયને જન્મ આપનાર જૈન ધર્મ છે. આજનો માણસ દુઃખને જ માત્ર ધિક્કારે છે. એને દુઃખ દીઠું ય ગમતું નથી.